પહેલાં પોતાના તો મિત્ર બનો, પછી બીજાના મિત્ર થવાનો પ્રયત્ન કરો
- સ્વામી વિવેકાનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૧૦ | ૨૯ જૂન ૨૦૧૨, શુક્રવાર, અષાઢ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ગુડા વિસ્તારથી ગાંધીનગરની બસ સેવા આરંભાઈ

## એસ.ટી. તંત્ર દ્વારા મીનીબસ સેવાનો પ્રારંભ : દિનદયાળ યુનિ.થી જી.ઈ.બી. રૂટ પર રોજ ૧૦ ટ્રીપ દોડશે

ગાંધીનગર, તા. ૨૮
ન્યૂ ગાંધીનગરમાં સ્થિત એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ્સને ધ્યાને લઈ વિદ્યાર્થીઓને યોગ્ય બસ સેવા પુરી પાડવા એસ.ટી. તંત્ર દ્વારા આજથી પંડીત દિનદયાળ યુનિવર્સિટીથી જી.ઈ.બી. રૂટ પર મીની બસ સેવા શરૂ કરવામાં આવશે.

ગુડા વિસ્તારમાં સ્થિત એન.આઈ.એફ.ટી., લૉ યુનિવર્સિટી, પંડીત દીનદયાળ યુનિ.સહિતના શૈક્ષણિક સંકુલો ધમધમે છે. જ્યારે સમયાંતરે વિકાસ પામતા ગુડા વિસ્તારમા કામકાજ અર્થે અપડાઉનકર્તાઓની અવર-જવર પણ વિશેષ બની છે. જે સ્થિતિને ધ્યાને લઈ ગુડાના ચેરમેન અશોક ભાવસારે આ વિસ્તારમાં બસસેવાનો પ્રારંભ કરવા એસ.ટી. તંત્રને દરખાસ્ત કરી હતી. જેના અનુસંધાને એસ.ટી. ડેપો દ્વારા પંડીત દીનદયાળ યુનિવર્સિટીથી જી.ઈ.બી. સુધીના રૂટ પર મીની બસ સેવા શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. એસ.ટી. ડેપોના મેનેજર યોગેશ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે પંડીત દિનદયાળ યુનિ. ખાતે તા. ૨૯ જૂનના રો સાંજે ૫ કલાકે આ રૂટની મીનીબસ સેવાનો પ્રારંભ કરવામાં આવશે. આ તબક્કે ગુડાના ચેરમેન અશોક ભાવસાર તેમજ એસ.ટી. બોર્ડના ચેમ્બર ભગવાનદાસ પંચાલ તેમજ પી.ડી.પી.યુ.ના ડાયરેક્ટર જનરલ પી.કે. બનીક ઉપસ્થિત રહેશે. પી.ડી.પી.યુ. અને જી.ઈ.બી. વચ્ચે શરૂ થનારી આ બસ સર્વિસ હેઠળ રોજ ૧૦ ટ્રીપ દોડાવાશે. જે અન્વયે સવારે ૭.૪૦ થી સાંજે ૪ દરમિયાન મીનીબસ દિનદયાળ યુનિ.થી લો યુનિ., રાયસણ કોબા ક્રોસીંગ, કુડાસણ, પોર, રીલાયન્સ ચોકડી, નીફ્ટ થઈ ઘ-૦ થી પથિકાશ્રમ થઈને જી.ઈ.બી. તરફ જશે. બસસેવાના પ્રારંભથી આ વિસ્તારના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્ટાફ, કામદારો તેમજ સ્થાનિક રહીશોને રાહત થશે.

# જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખપદેથી ડૉ. સી.જે. ચાવડાના રાજીનામાની અટકળ

## વિધાનસભાની ચૂંટણી લડવા ખાનગીમાં રાજીનામુ આપી દીધાની વાતો ચર્ચાના ચગડોળે : ડો. ચાવડા કહે છે હું ચૂંટણી લડવાનો નથી ને નથી જ!

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. સી.જે. ચાવડાએ પ્રમુખપદેથી રાજીનામું આપી અને વિધાનસભાની ચૂંટણીમાં ઝુકાવવાનો નિર્ણય કરી લીધો છે. તેમણે ખાનગીમાં પ્રદેશ નેતાગીરીને તેમના રાજીનામાનો પત્ર પણ સુપ્રત કરી દીધો છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિના અંતરંગ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ડૉ. ચાવડા જિલ્લાના તમામ મતદાર વિભાગોમાં સારૂ પ્રભુત્વ ધરાવે છે તેમજ હાલમાં જે રીતે સંગઠ્ઠનને તેમણે ગિયરઅપ કર્યું છે તે જ બતાવે છે કે તેઓ વિધાનસભાની ચૂંટણી લડવા માટે પુરેપુરા ઉત્સુક છે. તેમણે આ અંગે પોતાના અંગત સાથીઓ સાથે પરામર્શ પણ કરી લીધો હોવાનું જાણવા મળેલ છે.

પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તેમણે હાલ તો ગાંધીનગર (દ) અથવા દહેગામ એ બે વિસ્તારો પર પોતાની પસંદગી ઉતારી છે. જો કે ગાંધીનગર (ઉ) માટે પણ તેઓ એટલા જ ઉત્સુક છે. પૂર્વ કર્મચારીના નાતે તેઓ ગાંધીનગર (ઉ) માટે વધુ સબળ દાવેદાર માનવામાં આવી રહ્યા છે.

દરમિયાન ડૉ. સી.જે. ચાવડાનો આજે સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે આ વખતે ચૂંટણીમાં ઝુકાવવાના નથી માત્ર ને માત્ર સંગઠ્ઠનની જ કામગીરીમાં તેઓ વ્યસ્ત રહેવા માંગે છે. તેમણે જો કે આડકતરી રીતે જણાવ્યું હતું કે પક્ષના કેટલાક મોભીઓએ તેમને આ વખતે ઈચ્છા પુછી હતી પરંતુ તેમણે આ બાબતે સ્પષ્ટ ઈન્કાર કર્યો છે.

જો કે હાલ તો જિલ્લાના રાજકીય વર્તુળોમાં ખુલ્લેઆમ ડૉ. સી.જે. ચાવડાના રાજીનામાનો મુદ્દો સૌથી વધુ ચર્ચાસ્પદ છે. પક્ષના તમામ વર્ગના કાર્યકર્તાઓમાં પણ આ વાતની ખાનગીમાં ચર્ચાઓ થઈ રહી છે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષે જિલ્લામાં ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલુ કરી દીધી છે. આજે પણ બુથ લેવલ એજન્ટ અને બુથ પ્રભારી વોર્ડ પ્રભારી સાથે બેઠક યોજવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં નવા સીમાંકન પ્રમાણે પાંચ વિધાનસભા મતવિસ્તાર બની રહ્યા છે. ડૉ. સી.જે. ચાવડા પહેલાં ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરી ચુકયા છે. બીજી વખતની ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો આ પછી તેમણે દહેગામ ની પેટા ચૂંટણીમાં પણ ઝંપલાવ્યું હતું પરંતુ તેઓ ફાવી શકયા ન હતા.

ડૉ. ચાવડા જે રીતે સંગઠ્ઠનમાં સક્રિય થઈ અને કામગીરી કરી રહ્યા છે તે પણ તેઓ ચૂંટણી લડવા આતુર હોવાનું સ્પષ્ટ મનાઈ રહ્યું છે.

દરમિયાન મહેસાણા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શ્રી બળદેવજી ઠાકોરે પણ પોતાના હોદ્દાનું રાજીનામું આપી

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

શાળા પ્રવેશોત્સવ - ગાંધીનગર શહેરમાં વિવિધ પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ ચાલી રહ્યો છે.... બાળકો શાળાએ આવે - ભણે - ગણે અને આગળ વધે તે માટે સરકાર દ્વારા દર વર્ષે શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે... બાળકોને ભણવા માટે પ્રોત્સાહક યોજનાઓ પણ સરકાર દ્વારા અમલી બનાવાયેલ છે... બાળકોને દફતર, પાટી, પેન તથા ભણવા માટેની અન્ય સામગ્રી આપી ભણવા માટે આકર્ષિત કરવામાં તંત્ર પાછી પાની કરતું નથી.... બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે... ચહેરા પર હવે અમે ભણીશું અને આગળ વધીશુંનો ભાવ જોવા મળે છે.



શુક્રવારથી ગૌરી વ્રતનો પ્રારંભ થઈ રહ્યો હોવાથી કન્યાઓએ ગોરોની ખરીદી કરી હતી.

# કેશુભાઈ ભાજપના સભ્ય બનશે કે નહીં તે આજે નક્કી થશે

ગાંધીનગર, તા. ૨૮
ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના બંગલે આવતીકાલ ૨૯મી જૂને એક બેઠક બોલાવવામાં આવી છે જેમાં તેમના સાથીદારો સાથે તેઓ રણનિતી નક્કી કરશે.

આ બેઠકમાં કેશુભાઈએ ભાજપના સક્રિય સભ્યપદનું ફોર્મ ભરવું કે નહીં, તેનો નિર્ણય લેવામાં આવનાર છે. જો કે કેશુભાઈ પોતે એવી ઈચ્છા રાખે છે કે તેમણે ફોર્મ ભરવું ન જોઈએ, પરંતુ હાલ તેઓ ભાજપમાં છે તેથી ફોર્મ ભરવું જોઈએ તેવું અન્ય આગેવાનો નક્કી કરે તો કેશુભાઈ નિર્ણય લેશે.

૨૯મીની બેઠકમાં ૮મી જુલાઈએ અમદાવાદના ટાઉનહોલમાં યોજાનારા સંમેલનને પણ આખરી ઓપ આપવામાં આવશે. એ ઉપરાંત પ્રજાલક્ષી કયા આંદોલનો કરવા, જિલ્લા કે તાલુકામાં ક્યાં સંમેલનો કરવા તે બાબતે ચર્ચા થવા સંભવ છે.

કેશુભાઈને સસ્પેન્ડ કરવા કે નોટીસ આપવી તેનો નિર્ણય પાર્ટી લેવાની નથી તેથી તેમણે જાતે પાર્ટી છોડીને જતા રહેવું પડે તેવું લાગે છે.

# રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ધારાસભ્ય દિલ્હી કે બીજા રાજ્યમાં તેનો મત આપી શકશે

## મતદાનના દિવસે ગાંધીનગરમાં હાજર રહી શકે તેમ ન હોય તેવા સંજોગોમાં કરેલી વ્યવસ્થા, મતદાનના ૧૦ દિવસ પહેલાં અરજી કરવી

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૨૮
ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ગુજરાતના કોઈ ધારાસભ્ય વિધાનસભામાં ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો તેઓ નવી દિલ્હીમાં પાર્લામેન્ટ ભવનમાં કે અન્ય રાજ્યની વિધાનસભામાં નક્કી કરેલા સ્થળે તેમનો મત આપી શકશે.

ભારતના નવા રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૯મી જુલાઈએ નિર્ધારિત કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભાના ૧૮૨ ધારાસભ્યો તેમના મત વિધાનસભાના બિલ્ડીંગમાં પ્રથમ માળે નક્કી કરેલા રૂમ નંબર ૧૧૬માં આપશે.

કોઈ કારણોવસાત ગુજરાતનો ધારાસભ્ય મતદાનના દિવસે નવી દિલ્હી કે તેની આસપાસના વિસ્તારમાં હોય, અને તેણે મત આપવો હોય તો તે પાર્લામેન્ટમાં આપી શકશે પરંતુ તેના માટે તેણે મતદાનના ૧૦ દિવસ પહેલાં

● અનુસંધાન પાન-૭ પર

# સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે રૂ. ૧૦ કરોડના આધુનિક સાધનો કોર્પોરેશન ખરીદશે

## સ્વચ્છ નગર બનાવવાની અમારી પ્રતિબદ્ધતા છે અને એ માટે આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરી રહ્યા છીએ : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૨૮
ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે કોર્પોરેશન દ્વારા આગામી દિવસોમાં રૂ. ૧૦ કરોડના નવા સાધનો ખરીદવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આ અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્થાયી સમિતિના ચેરમેન શ્રી પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મળેલ આ બેઠકમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટના અમલીકરણ માટે ઘણી બધી વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે સ્વચ્છતા એ અમને સોંપવામાં આવેલી એક માત્ર કામગીરી છે અને આ નગરને સ્વચ્છ બનાવવાની અમારી પ્રતિબદ્ધતા છે.

તેમણે જણાવ્યુ હતુ કે આજની બેઠકમાં નવા સાધનો ખરીદવા ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ માટે વે બ્રીજ પણ રૂ. ૧૩ કરોડના ખર્ચે ૫૦ ટનની કેપેસીટી ધરાવતો તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કચરો ભરવા માટેના જે કન્ટેઈનરો છે તેને ખાસ

● અનુસંધાન પાન-૭ પર

**Required**
Physiotherapist
Male - Urgently
Contact
96240 04380




Stockiest List - Gandhinagar Dist. | S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 |
| HET TRADERS | DABHODA | 81410 17688 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 |

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |

Company Markteing Staff :
Kartikey Vyas 98796 05116
Kinshuk Dave 83475 57002